ક્રમાંક/મઉમશબ/ક-૧/ ૬૬૦૫૭૧૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર ૧૦ બી. સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૨૭/૦૮/૨૦૨૧

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- ITI ના તાલીમાર્થીઓના અંગ્રેજી (૦૧૩) વિષયના ફોર્મ ભરવા બાબતે.

જયભારત સાથે ઉપરોક્ત વિષય અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ) ની શાળાઓને જણાવવાનું કે ચાલુ વર્ષે ITI ના GCVT/NCVT અભ્યાસક્રમના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ ધોરણ-૧૨નું શૈક્ષણીક સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી શકે તેવા હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ અંગ્રેજી (દ્વિતીય ભાષા-૦૧૩)ની પરીક્ષા સપ્ટેમ્બર માસમાં લેવામાં આવશે. તે માટેના ઓનલાઇન આવેદનપત્ર તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૦૯/૦૯/૨૦૨૧ સુધીમાં બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી ભરવાના રહેશે. ઉમેદવાર નજીકની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ)માંથી આવેદનપત્ર ભરી શકશે.

આથી ITI ના વિદ્યાર્થીઓને આ આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ પરથી ભરવાનો સહયોગ શાળાઓએ કરવાનો રહેશે. જેની સર્વે આચાર્યોને નોંધ લેવા આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/ ૫૩૯૫૪-૫૪૧૦૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૩૧ / ૮ /૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner